



## ભિલોડા તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર પધરામણી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યો માહોલ સર્જાયા બાદ સમી સાંજે આકાશમાં કાડા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર પધરામણી થઈ હતી.વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી હતી. વાવણીલાયક વરસાદ દરમ્યાન ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.સામાન્ય વરસાદ દરમ્યાન વીજ પુરવઠો ખોરવાયો હતો.નિચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા.

# તલોદની નમસ્કાર મંડળીના હોદ્દેદારો અને બાકીદારો વિરૂદ્ધ ફરીયાદ

### હોદ્દેદારો અને બાકીદારો મળી કુલ ૩૪ વ્યક્તિઓનો ફરીયાદમાં ઉલ્લેખ : હોદ્દાનો દૂરપયોગ કરી મંડળીની આઠ કરોડ જેટલી રકમ ડુબાડી હોવાનો આરોપ

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાની તલોદ ખાતે આવેલ ધી નમસ્કાર સહકારી શરાફી મંડળી આર્થિક સંકડામણના કારણે બંધ થયા પછી જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા જિલ્લા મધ્યસ્થ બેંકને વહીવટ સોંપ્યો હતો. જેમાં જીલ્લા રજીસ્ટ્રારે સ્પે. ઓડીટર પાસે હિસાબોનું ઈન્સ્પેકશન કરાવતાં મંડળીના હોદ્દેદારો, બાકીદારો અને મેનેજર દ્વારા હોદ્દાનો દૂરપયોગ કરી ધિરાણ કરી દીધાનું જણાયુ હતુ. જેમાં આ ધિરાણની વસુલાત સમયસર ન આવતાં મંડળીના થાપણદારોને પોતાની થાપણની રકમ પરત ન મળતાં ઉચ્ચકક્ષાએ રજુઆત થઈ હતી અને ઓડીટ ઈન્સ્પેકશનના અહેવાલ આધારે સા.કાં.બેંક તલોદ શાખાના બ્રાન્ચ મેનેજર કે જે મંડળીના વહીવટદાર હતા તેઓએ મંડળીના હોદ્દેદારો અને બાકીદારો મળી ૩૪ વ્યક્તિ વિરૂદ્ધ તલોદ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

તલોદ પોલીસમાં નોંધાયેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંડળીના હોદ્દેદારોએ જે તે સમયે પોતાના હોદ્દાનો દુરપયોગ કરી સંસ્થાના જ તત્કાલીન વાઈસ ચેરમેન મહેશભાઈ રસીકલાલ મહેતાના સગાવ્હાલાઓને ધિરાણ કરી દીધેલ છે જેમાં થાપણ સામે લોન નામના ખાતાઓમાં આ મહેશ એન્ડ કંપનીના સગાવ્હાલા તથા મહેશભાઈ મહેતાએ પોતાની સત્તાનો રોફ જમાવી મેનેજર સાથે મળી કોઈપણ જાતની થાપણ રસીદ કે દસ્તાવેજ વગર ધિરાણ મેળવી ભરપાઈ ન કરી સંસ્થાના નાણાં ડુબાડ્યા હોવાનો ઉલ્લેખ છે. ફરીયાદમાં સંસ્થાના રૂપિયા આઠ કરોડ ડુબ્યા હોવાનું જણાવ્યું છે તેમજ ધિરાણ મેળવતી વખતે વાઈસ ચેરમેન તરીકે હોદ્દા ઉપર હોવાનું પણ ફરીયાદમાં નોંધ છે. વધુમાં મહેશ એન્ડ કંપની તેમજ અન્ય બાકીદારોના ધિરાણ મંજુર કરવામાં સામેલ ચેરમેન, મેનેજીંગ ડિરેક્ટર તથા ડિરેક્ટર સહિતના કુલ ૩૪ વ્યક્તિ વિરૂદ્ધ આરોપ ઘડવામાં આવ્યા છે.

જેમાં ભૂતપૂર્વ ચેરમેન વિનોદચંદ્ર ટી. ગાંધી, ભૂતપૂર્વ વા. ચેરમેન મહેશકુમાર આર. મહેતા, વર્તમાન ચેરમેન અભયકુમાર ચાંડક, ભૂતપૂર્વ મેનેજીંગ ડિરેક્ટર રમેશચંદ્ર એન. સોની, પ્રવિણચંદ્ર આર. શાહ, અમૃતલાલ એમ. શાહ, ડાહ્યાલાલ જે. મહેતા, કિરણભાઈ આર. પટેલ, ગુણવંતલાલ કે. શાહ, મહેન્દ્રભાઈ આર. પટેલ, કિરણકુમાર ટી. નરસિંઘાણી, કનૈયાલાલ એમ. શાહ, ભાનુપ્રસાદ વી. શાહ, બ્રિજેશકુમાર એન. સોની, ચેતનકુમાર પી. શાહ, દિલીપકુમાર એસ. શાહ, સુરેશકુમાર કે. શાહ (મેનેજર), ગિરીશકુમાર એસ. શાહ (લોન ઓફીસર), લચ્છીરામ આર. નરસિંઘાણી, વિનોદચંદ્ર કે. શાહ, રવિન્દ્રકુમાર વી. શાહ તથા બાકીદારો વિનોદકુમાર આર. શાહ, મુકેશકુમાર કે. શાહ, અરૂણાબેન એ. શાહ, ગુણવંતભાઈ આર. મહેતા, ચિન્મય એ. શાહ, કમલેશભાઈ આર. મહેતા. પ્રતિક એમ. મહેતા, તન્વીબેન જી. મહેતા, અતુલભાઈ સી. શાહ, બાબુભાઈ એલ. પટેલ, નિકુંજકુમાર વી. શાહ, ભુપેન્દ્રભાઈ આર. પટેલ, હેમંતકુમાર બી. પટેલ વિરૂદ્ધ મંડળીના વહીવટદાર રાકેશભાઈ કે. પટેલે ફરીયાદ નોંધાવી છે જેની તપાસ તલોદ પી.એસ.આઈ. ગૌતમકુમાર સ્વામી ચલાવી રહ્યા છે.



## ખેડબ્રહ્માના વેપારીઓએ ચાઈનીઝ કંપનીઓના બોર્ડ ઉતાર્યા

તાજેતરમાં લદ્દાખ-ચીન સરહદ ઉપર ચીની હુમલામાં ભારતના ૨૦ સૈનિકો શહીદ થયા હતા ચીન પોતાનો માલ સામાન ભારતમાં વેચે છે અને તેની આવકની રકમ ભારતના જ સૈનિકોને મારવામાં વાપરે છે. જેથી પાઠ ભણાવવા ચીન સાથે દરેક ક્ષેત્રે અસહકાર કરવો ફરજીયાત બનેલ હોઈ ખેડબ્રહ્મા ના વેપારીઓએ પણ ચીની માલસામાનની ખરીદી અને વેચાણ તાત્કાલિક ધોરણે બંધ કરી શહીદોને સાચી શ્રદ્ધાંજલી આપવાની મુહિમ ચાલી જતા ચીની કંપનીઓના દુકાન/શો રુમ ઉપર લટકાવેલ જાહેરાતોના બોર્ડ પણ ઉતારી નાંખવમાં આવ્યા હતા.

## ખેડબ્રહ્મા લાંબા વિરામ બાદ વરસાદનું આગમન

ખેડબ્રહ્મા મા થોડા સમય પહેલા પડેલા વરસાદના કારણે ખેડૂતોએ વાવણી કરી દિધી હતી પણ વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા રવિવારે લાંબા વિરામ બાદ સાજન સમયે એક કલાક પડેલા વરસાદથી ભારે ઉકલાતથી લોકોને રાહત મળી હતી અને ખેતીને પણ પાણી મળી રહેતા ખેડુતોમાં આનંદ છવાયો હતો.

## ખેડબ્રહ્મામા વૃક્ષારોપણ કરાયુ

ખેડબ્રહ્મા શહેરમાં યુવાનો ધ્વારા યુવા ખેડબ્રહ્મા નામે ગ્રુપ ચલાવવામાં આવે છે જે શહેરમાં લોકોને મદદ અને લોક જાગૃતિના કામ કરે છે યુવા ગ્રુપ ધ્વારા રવિવારના રોજ વૃક્ષરથને પ્રસ્થાન કરવી વૃક્ષરોપણ કરવામાં આવ્યું હતું યુવા ધ્વારા વોટ્સએપ નંબર પર મેસેજ કરવાથી જોઈતું વૃક્ષ આપવમાં આવશે યુવા ગ્રુપ ધ્વારા ૫ જુલાઈ થી ૩૧ જુલાઈ સુધીમાં ૩૦૦૦ વૃક્ષ વવાવાનું આયોજન કરવમાં આવ્યું છે યુવા ગ્રુપ ના બ્રિજેશ બારોટના જણાવ્યા અનુસાર રવિવારે હાઈવે પર ઝાડ વાવવામાં આવ્યા છે.

## ખેડબ્રહ્મા તાલુકાના નવાનાના ગામમાં વાડ કરવાની ના પડતાં હૂલમો કરાયો

ખેડબ્રહ્મા તાલુકાનાં નવા નાના ગામે પાડોશી ધ્વારા પંચાયની ખરાબાની જમીનમાં વાડ કરતાં હોય ના કરવા માટે કહેવા જતાં કુહાડી મારી ઈજાઓ પહોચડતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન માં ૧ મહિલા સહિત ૩ વિરુદ્ધ ફરિયાદ નોધાઈ હતી. નવા નાના ગામે ૩૦ જૂન ના રોજ કનુભાઈ ધૂળાભાઈ ખોખરીયાના ઘરની પાછળ પંચાયતની ખરબાની જમીન આવેલ છે., જેમાં તેમના પાડોશી રમણભાઈ માધાભાઈ ખોખરીયા, મિરાબેન રમણભાઈ ખોખરીયા અને દિનેશભાઈ રમણભાઈ ખોખરીયા કાંટા, ઝાડના ડાળાં નાખી વાડ કરી રહયા હતા તેથી કનુભાઈ તેમણે પંચાયતની જમીન છે તેને ખુલ્લી રહેવા દો તેમાં વાડ ના કરવાનું કહેતા ત્રણે જણા એકદમ ઉશકેરઈ ગયા અને માં બેન સામિ ગાળો બોલી જાનથી મારી નખાવાની ધમકી આપી હતી.

# ગુરૂ પૂર્ણિમા પર્વની મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા દિવ્ય ઉજવણી

### ગુરૂ શિષ્યના સંબંધોને વધુ ભાવસભર બનાવતું પર્વ છે ગુરૂ પૂર્ણિમા : ગાયત્રી પરિવાર : ગામેગામ ચાલશે વૃક્ષા ગંગા અભિયાન

મોડાસા, તા. ૪

ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ પૂર્ણિમા પર્વ ગુરૂ-શિષ્ય શ્રદ્ધા-સમર્પણભર્યા સંબંધોના સંકલ્પિત ભાવનાની પુનઃ જાગૃતિ માટે ખૂબ



જ અગત્યનો ઉત્સવ છે. ગાયત્રી પરિવાર, મોડાસાના અગ્રણી હરેશભાઈ કંસારાના જણાવ્યાનુસાર મોડાસા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા દર વર્ષે ચાર દિવસીય ગુરૂ પૂર્ણિમા પર્વ ઉજવણી કરવામાં આવતી હતી. પરંતુ આ વર્ષે હાલની સૌના સામુહિક સ્વાસ્થ્ય સુરક્ષાની વિકટ પરિસ્થિતિ અનુસાર આ વખતે ગુરૂ પૂર્ણિમા પર્વ ઉજવણી સૌ ગાયત્રી સાધકોને પોતાના ઘેર જ પણ સૌ એક જ નિર્ધારીત કરેલ સમયે જપ, સાધના, ધ્યાન અને દરેક પોતાના ઘેર ગાયત્રી યજ્ઞ-ગુરૂ પૂજન કરી ત્યારબાદ સોશીયલ ડિસ્ટન્સીંગ પાલન તેમજ માસ્ક બાંધીને તથા સેનેટાઈઝથી સ્વચ્છતા સાથે ફક્ત દર્શનાર્થે ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે આવી તુરત જ પરત ફરવાનું આયોજન કરવામાં આવ્યું. કંસારાએ ગુરૂ પૂર્ણિમાનું મહત્વ સમજાવતા કહ્યું ગુરૂ એ ભાવસંવેદનાની ગંગોત્રી છે. શિષ્યો માટે આત્મમૂલ્યાંકનનું પર્વ છે. પૂજ્ય ગુરૂદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા રચિત ૩૨૦૦ પુસ્તકોની વિચારધારાને જીવનમાં ઉતારી જન જનમાં સદ્‌બુધ્ધિ-સદચિંતન માટે તન-મન-ધનથી અથાગ પ્રયત્નો માટે આજે આપણે સૌ સંકલ્પિત બનવાનો અવસર છે.

ગાયત્રી પરિવાર યુવા સંગઠન,ગુજરાતના અગ્રણી કિરીટભાઈ સોનીએ વિશેષમાં સૌ સાધકોને આજ ગુરૂ પૂર્ણિમા પર્વથી રક્ષાબંધન સુધી મોડાસા તેમજ આસપાસના ગામોમાં વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત તરૂપૂત્ર, તરૂમિત્ર રૂપે વૃક્ષોના જતન માટે ઓનલાઈન મેસેજ દ્વારા સૌને સમજ આપી. એક મહિના દરમિયાન ગામે ગામ વૃક્ષારોપણ કાર્યક્રમ દરેક ગામના સ્થાનિક સાધકો દ્વારા ચલાવવા આયોજન કરવામાં આવ્યું છે.

### દીવ - દાદરાનગર હવેલીના એડમીનીસ્ટ્રેટર પ્રફુલ પટેલે

# ગુરૂપૂર્ણિમા પર્વે યાત્રાધામ શામળાજી મંદિરે દર્શન કર્યા

ગુજરાતમાં કોરોના સંકટ સતત ઘેરૂ બની રહ્યુ છે. તમામ જિલ્લાઓમાં કેસ ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે અનલોક-૧ બાદ ખુલેલા કેટલાક મંદિરો કોરોનાનું સંક્રમણ ખાળવા બંધ કરવામાં આવી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં દર વર્ષે ગુરૂપૂર્ણિમાના ઉત્સવો ગુરૂગાદીના સૃથાનો પર ઉત્સાહભેર ઉજવાતા હોય છે પણ આ વર્ષે કોરોનાને કારણે પ્રસિદ્ધ ગુરૂગાદીઓએ અગાઉથી જ ગુરૂપૂર્ણિમાનાં ઉત્સવો નહી યોજવાની અને ધાર્મિક જગ્યાઓ પર થતી ભવ્યાતિભવ્ય ઉજવણી બંધ રાખવાની જાહેરાત કરી હતી. જીલ્લામાં આવેલ મંદિરો ખુલ્લા રહ્યા હતા પણ ભક્તોની હાજરી પાંખી જોવા મળી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરના દ્વાર ખુલ્લાં રહેતા દીવ-દાદરાનગર હવેલીના એડમીનીસ્ટ્રેટર પ્રફુલ પટેલ સહીત ભક્તોએ ભગવાન શામળિયાના દર્શનનો લાભ લીધો હતો. જીલ્લામાં અત્યાધુનિક કેટલાક ગુરૂઓએ ફેસબુક લાઈવ થઈ ભક્તોને દર્શન આપ્યા હતા.



પૂનમ એટલે ગુરુપૂર્ણિમા આજના દિવસે દરેક ભક્તો સદગુરૂના ચરણોમાં શિષ નમાવી અને આશીર્વાદ લેતા હોય છે ત્યારે યાત્રાધામ શામળાજી મંદિરમાં પણ ગુરૂપૂર્ણિમા નિમિત્તે વહેલી સવારથી ભક્તો શામળાજી મંદિરે દર્શન માટે ઉમટી પડ્યા હતા.

જોકે કોરોના મહામારીના કારણે ક્યાંકને ક્યાંક ભક્તોની દર પૂર્ણિમા કરતા પાંખી હાજરી જોવા મળી હતી. શ્રદ્ધાળુઓને સૅનેટાઇઝ કર્યા પછી થર્મલ સ્ક્રીનિંગ કર્યા બાદ મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# મોડાસામાં કોરોના બેકાબુ બનતાં સંક્રમણ અટકવાવા આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું

### શહેરને ચાર ઝોનમાં વહેંચી સઘન સર્વેની કામગીરી કરશે : મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં રોજ રોજ કોરોના પોઝેટીવ દર્દીઓમા નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે મોડસામાં કોરોનાનું રોકેટ ગતિએ

મોડાસા, તા. ૪

સંક્રમણ વધતા અને કોરોનાને લીધે છેલ્લાં ૫ દિવસથી કોરોનાનો ભોગ બનેલ ૬ દર્દીઓને કોરોના ભરખી જતા આરોગ્યતંત્ર ઉંધા માથે પછડાયું છે. રવિવારે શહેરના વાગડ ગોડાઉન વિસ્તારમાં રહેતા આધેડ કોરોના સામે જંગ હારી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્રની નબળી કામગીરી સામે શહેરીજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સ્મીશનનો લોકો પર ખતરો મંડરાઈ રહ્યો છે. મોટા ભાગના કોરોના પોઝેટીવ દર્દીઓ લોકલ સંક્રમણના પગલે સતત વધી રહ્યા છે. શહેરમાં ૧૧૪ કોરોના પોઝીટીવ દર્દીઓ અત્યારસુધી નોંધાઈ ચુક્યા છે. શહેરમાં કોરોના ભયજનક રીતે લોકોને સંક્રમિત કરતાં સંક્રમણને નાથવા આરોગ્યતંત્ર હરકતમાં આવ્યું છે. શહેરમાં કોરોનાના વધતા કેસને પગલે પિંક, યલો, ગ્રીન અને બ્લુ એમ ચાર ઝોનમાં વહેંચી નાખી ઝોનવાઈઝ સુપરવાઈઝર અને નોડલ ઓફિસર નિયુક્ત કરી ૨૫ ટિમો બનાવી સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં કુલ ૧૧૪ કોરોના પોઝિટિવ કેસ, ૬૪ કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયા છે.

મોડાસા શહેરમાં આફટર લોકડાઉનમાં સોશિયલ ડિસ્ટન્સનો અભાવ અને કોવિડ-૧૯ની માર્ગદર્શિકાનુ પાલન ન થતુ હોવાને કારણે કોરોનાનો વિસ્ફોટ થઈ રહ્યો છે. રોજે રોજ કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘેરૂ બની રહ્યું હોવાનું ખુદ આરોગ્યતંત્રએ સ્વીકારી શહેરને ચાર ઝોનમાં વહેંચી નાખવામાં આવ્યું છે જેમાં પિંક ઝોનમાં રામપાર્ક, રસુલાબાદ, યલો ઝોનમાં કસ્બા, ચાંદટેકરી વિસ્તાર, ગ્રીન ઝોનમાં સર્વોદયનગર, રત્નદીપ સોસાયટી વિસ્તાર, ખાલીકપુર, ગણેશપુર, સાયરાના શહેરને અડીને આવેલા રહેણાંક સોસાયટી વિસ્તારો અને બ્લુ ઝોનમાં મોડાસા બજાર અને ડીપ વિસ્તારનો સમાવેશ કર્યો છે આરોગ્ય તંત્રે શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૫ જેટલી ટિમો બનાવી સઘન સર્વેની કામગીરી હાથ ધરી છે.

મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં સૌથી સ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે ચાંદટેકરીના અગ્રણી હબીબભાઈ મુલતાનીને કોરોના ભરખી ગયો છે. લઘુમતી વિસ્તાર પછી ચાંદટેકરી વિસ્તાર અનેક લોકો કોરોના પોઝેટીવ બનતાં હોટસ્પોટ બની રહ્યો છે. કોરોના પોઝેટીવ દર્દીઓ વડોદરામાં ટ્રસ્ટની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે તેમ છતાં જીલ્લા આરોગ્યતંત્રના ચોપડે ચાંદટેકરી વિસ્તારમાં ચોપડે હજુ સુધી એક પણ કેસ નોંધાયો નથી. આરોગ્યતંત્રએ ચાંદટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં સઘન સર્વે હાથ ધરાતા અનેક લોકોમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જોવા મળી રહ્યા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી. આગામી સમયમાં વધુ એકવાર કોરોના પોઝીટીવ દર્દીઓનો બ્લાસ્ટ થાય તો નવાઈ નહિ.

## અરવલ્લીમાં વધુ ૩ કેસ કોરોના પોઝીટીવ આવતાં કુલ ૨૪૬ કેસ

અરવલ્લી જિલ્લામાં રવિવારના રોજ વધુ ૩ કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૨૪૬ પહોંચ્યો છે. મોડાસામાં કોરોનાએ ભરડો લીધો હોય તેમ મોડાસા શહેર અને બાયડ તાલુકામાં કોરોનાના કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લાનો કોરોના પોઝીટીવ આંકડો ૨૪૬ થઈ ચુક્યો છે. રવિવારના રોજ મોડાસામાં માલપુર રોડ ઉપર આવેલ કલ્યાણ સોસાયટીમાં ૬૦ વર્ષિય મહિલા, રાણાસૈયદમાં ૪૫ વર્ષિય પુરુષ અને ચાંદટેકરી વિસ્તારમાં ૪૫ વર્ષિય પુરુષને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો. સમગ્ર જિલ્લાને કોરોનાએ બાનમાં લીધો છે ત્યારે જિલ્લામાં અત્યાર સુધી ૨૨ વ્યક્તિઓનો ભોગ કોરોના લઈ ચુક્યો છે.

અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો હોય છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. મોડાસા શહેરને કોરોના વાઈરસે બાનમાં લીધું છે તેમાંય વધુમાં વધુ કેસો લઘુમતિ વિસ્તારમાંથી બહાર આવી રહ્યા છે ત્યારે આરોગ્યતંત્ર સઘન કામગીરી કરી વાઈરસના સંક્રમણને અટકાવે તેવી લોકમાંગ ઉઠી છે.

# તલોદના નાગણેશ્વરી મંદિરે સાદગીભર્યા વાતાવરણમાં ગુરૂપૂર્ણિમા ઉજવાયો

તલોદ, તા. ૫

તલોદમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ એવા નાગણેશ્વરી માતાજીના મંદિરે ગુરૂ પૂર્ણિમા સાદગીભર્યા વાતાવરણમાં ઉજવાયો હતો. સતત વધતા કોરોનાના કહેરને જોતા મંદિરના મહંત એવા જીભુસિંહ રાઠોડે સંક્રમણને ધ્યાનમાં રાખી ભાવિ ભક્તોની ભીડને રોકવા અને દર્શનાર્થીઓ પર મુશ્કેલી ના વધે તે હેતુથી આ વર્ષ સાદગીભર્યા પર્વ ઉજવવા નિર્ણય લીધો હતો.

મંદિરના મહંત જીભુસિંહ રાઠોડે કેટલાક અંગત સેવકોને બોધપાઠ આપતા જણાવ્યુ હતુ કે જેમણે જ્ઞાનરૂપી સલાકાથી



અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલ લોકોની આંખો ખોલી છે તેવા ગુરૂને નમસ્કાર કરવાથી દેશ અને દુનિયામાં આવેલી કોરોના બિમારીને જડમૂળથી આજના પર્વની મહિમાં ઉખેડી નાખશે અને દુનિયા અને દેશમાં ફરીથી રોગ મૂક્ત બની આગામી વર્ષે આ ગુરૂપૂર્ણિમા ધામધૂમથી ઉજવાશે તેવા આશીર્વચનોથી રક્ષા રાખડી બાંધી આશીર્વાદરૂપ બ્રહ્મજ્ઞાનનો દિપ પ્રગટાવી આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.